## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આમ તો... દિવાળીમાં મઠીયા ખાઉ તો પણ ઝાડા નથી થતા... આ વખતે.. વોટરોને મનાવવા છે ને...!

## દિલ્હી અવાજ પહોંચાડીશું
# ઠાકોર સમાજને ટિકિટ નહિ ફાળવી અન્યાય કરાયો છે

ગાંધીનગર, તા. ૧૫

રાંધેજાની બેઠક પર ઠાકોર સમાજની ટિકિટ છીનવી અને અન્યાય કરવામાં આવ્યો હોવાની વાતને લઈ દિલ્હી સુધી લડત આપવાનો નિર્ણય આજે ઠાકોર સમાજના આગેવાનોની રાંધેજામાં મળેલી બેઠકમાં લેવાયો હતો.

આજે આ બેઠક અંગેની વિગતો આપતાં વર્ષાબેન ઠાકોરના પિતા અરજણજી ઠાકોરે જણાવ્યુ કે અમને પ્રદેશ કક્ષાએથી અને જિલ્લા કક્ષાએથી જાણ કરાયા પછી ઉમેદવારી નોંધાવી હતી અને મેન્ડેટ પહોંચી જશે તેવી હૈયાધારણ પણ અપાઈ હતી. કાળી ચૌદશના દિવસે જિલ્લા પ્રમુખે શું કર્યું તેની અમને ખબર મોડી પડી. આ ટિકિટ ફાળવણીમા ગેરરીતિની પણ બદબુ આવતી હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે શોભાબા વાઘેલાનું ફોર્મ સૂર્યસિંહે જાતે ભરીને આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ગઈકાલે ચકાસણી વખતે પણ જિલ્લા પ્રમુખ ભાજપના આગેવાનો સાથે આવ્યા હતા. એ વખતે પણ અમે મેન્ડેટની વાત કરી હતી.

મેન્ડેટ તમારા નામનો જ હોવાની વાત અમને પ્રદેશ નેતા લાખાભાઈ ભરવાડે કરી હતી. તેમણે જણાવ્યુ કે કાળી ચૌદશના દિવસે રાજરમતો રમાઈ અને તે પણ પ્રદેશ નેતાના ત્યાં રમાઈ હોવાની શંકા અમારી છે. અમે આ બાબતે દિલ્હી જઈશુ. આજની બેઠકમાં તાલુકા પ્રમુખ બાબુજી ઠાકોર, ઉપપ્રમુખ ડાહ્યાજી ઠાકોર, મંગાજી ઠાકોર, ખેતીવાડી સમિતિના પૂર્વચેરમેન પ્રવિણસિંહ ઠાકોર સહિતના આગેવાનો હાજર રહેનાર છે.

તેમણે જણાવ્યુ હતુ કે શોભાબા વાઘેલાનું નામ ઓબ્ઝર્વરો સમક્ષ પણ આપ્યુ ન હતુ. માત્રને માત્ર અમારૂ એક જ નામ આ બેઠક પરથી સૂચવવામાં આવ્યું હતું. અમારી બેઠક માટે પેનલ પણ સૂચવવામાં આવી ન હોવાનું પણ જણાવ્યું હતું.

# શહેરમાં હવે વગદારોએ પણ ટ્રાફીકના નિયમો પાળવા પડશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં દર બે ઘર છોડીને વગદારો જોવા મળે છે. ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરતાં પકડાય એટલે ટ્રાફીક પોલીસને ખખડાવી નાંખી કોઈ અધિકારી, નેતા, કે કોઈને કોઈ અગ્રણીની ઓળખાણ આપી વાહનચાલકો છટકી જાય છે. હવે આ વગદારોએ પણ ટ્રાફીકના નિયમોનું પાલન કરવું પડશે. કેમ કે હવે તેમને કોઈ કોન્સ્ટેબલ સાથે રકઝક કરવાનો મોકો નહી મળે..! શહેરના વિવિધ ૬ લોકેશન ઉપર લગાવવામાં આવેલા ૧૮ સીસીટીવી કેમેરા જ ટ્રાફીકના નિયમોની ઐસી કી તૈસી કરીને ફરતા વાહનચાલકોને પકડશે. આવા વાહનચાલકોનો ફોટો કેદ થઈ જશે અને ફોટો સાથે નિયમના ભંગની કલમો અને દંડની રકમ સાથેની પાવતી કંટ્રોલ રૂમમાંથી સીધા વાહનચાલકના ઘરે પહોંચી જશે..! આર.ટી.ઓ.માં વાહનનું રજીસ્ટ્રેશન જે સરનામે થયુ હશે ત્યાં પાવતી પહોંચી જશે એટલે મિત્રો વાહન લઈને નિયમ તોડીને આવશે તો પણ તમારે જ દંડ ભરવો પડશે, માટે બીજાને વાહન આપતા પહેલા પણ ધ્યાન રાખવુ પડશે. નોંધવું રહેશે કે જો આ પ્રકારની દંડની પાવતી વધુ વખત એક જ પાર્ટીને મોકલવાની નોબત આવશે તો તેવા કિસ્સામાં વાહનચાલકના લાયસન્સને રદ કરવા સુધીની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શહેરના વિવિધ છ સર્કલો પર પોલીસ તંત્ર દ્વારા ૧૮ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. જેમાં સરગાસણ સર્કલ, ઈન્દ્રોડા સર્કલ, પથીકાશ્રમ સર્કલ, અક્ષરધામ-બોરીજ ત્રણ રસ્તા, સેક્ટર-૩૦ સર્કલ અને ઘ-૪ સર્કલનો સમાવેશ થાય છે.

આ તમામ સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ ડીએસપી કચેરીમાં તૈયાર કરેલા કંટ્રોલીંગ રૂમમાંથી થશે. ત્યાં બેઠા બેઠા એક ટ્રાફીક પોલીસ ટ્રાફીક નિયમ ભંગ કરનાર વાહનચાલકનો ફોટો કેપ્ચર કરીને નિયમભંગની કલમો લખી વાહન રજીસ્ટ્રેશનના સરનામે ડંડની રકમ સાથે ડંડ ક્યાં ભરવો તે સહીતની માહીતી વાળી પાવતી મોકલી દેશે. જેથી ટ્રાફીકના નિયમોનું હવે દરેક વાહનચાલકોએ પાલન ફરજીયાત કરવુ પડશે. સીટી સર્વેલન્સ એન્ડ ઈન્ટેલીજન્સ ટ્રાફીક મેનેજમેન્ટ અંતર્ગત આ કામગીરી એક અઠવાડીયામાં શરૂ કરી દેવામાં આવશે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર સિવિલના સુપ્રિ. ડૉ. બિપીનભાઈ નાયકે આજે રવિવારના દિવસે સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લઈ સેવાઓની ગુણવત્તા સહિતની બાબતો ચકાસી સ્વચ્છતાના મુદ્દે ફરજ પરના કર્મચારીઓને ટપાર્યા હતા.
- દિપોત્સવીના પાંચ દિવસના મીની વેકેશનનો આજે અંતિમ દિવસ હોવાથી ગાંધીનગરના મુખ્ય માર્ગો વાહન-વ્યવહારથી અને ફરવાનાં સ્થળો, હૉટેલ, સિનેમા લોકોની ભીડથી ભરચક રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં અત્યારે બેવડી ઋતુ પ્રવર્તતી હોવાથી વાઈરલ તાવના દર્દીઓ વધી રહ્યા છે અને ઘણા તબીબો દિવાળી વેકેશનમાં ગયા હોવાથી દર્દીઓને નવા અપરિચિત તબીબો પાસે જવાની નોબત આવી રહી છે.
- ગાંધીનગરના અક્ષરધામમાં યોજાયેલ અન્નકુટમાં ૧૨૯૧ વાનગી ભગવાનને ધરાવવામાં આવી હતી.
- ગાંધીનગર-અમદાવાદના હાઈવે પરની હોટલોમાં આજે ભારે ઘરાકી રહી હતી.
- ગાંધીનગરમાં દિપાવલી પર્વ પછી ધીમી ગતિએ લગ્નની મોસમનો પણ પગરવ થયો છે અને આગામી પખવાડિયામાં ઘણા બધા લગ્નો યોજાઈ રહ્યાં છે એવી એંધાણી આપતી કંકોતરીઓ ઘરોમાં પહોંચવા માંડી છે.

# આજે સુરમધુર દ્વારા કલાકારોનું સ્નેહમિલન યોજાશે
## ગાંધીનગર શહેરમાં વસતા તમામ ક્ષેત્રોના કલાકારોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા આમંત્રણ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરની સુરમધુર સંસ્થા દ્વારા દર વર્ષે શહેરના વિવિધ ક્ષેત્રે સંકળાયેલા કલાકારોનું સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવે છે. ત્યારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે તા. ૧૬ નવેમ્બરે સોમવારના રોજ સાંજે ૭ થી ૯.૩૦ કલાક દરમ્યાન સેક્ટર-૪-એ પ્લોટ નં. ૧૮૭/૨, મયંકભાઈ દવેના નિવાસસ્થાને સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે શહેરમાં વસવાટ કરતા તમામ ક્ષેત્રના કલાકાર-કસબીઓને પધારવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

# સે-૨૪ દશામાના મંદિર પાછળના વિસ્તારમાં વીજળીના થાંભલા બંધ
## રહીશો દ્વારા અનેકવાર ટોરેન્ટમાં રજુઆત કરવામાં આવી છતાં પરિણામ શૂન્ય

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૪માં કેટેગરી કક્ષાના સરકારી મકાન આવેલા છે. આ વિસ્તારમાં તંત્ર દ્વારા લગાવવામાં આવેલા વીજળીના થાંભલા છેલ્લા ૧૦ માસથી બંધ હાલતમાં છે. વીજ થાંભલા બંધ હોવાથી આ વિસ્તાર સાજં ઢળતાં જ અંધારામાં ગરકાવ થઈ જાય છે. જેને પગલે સ્થાનિક રહીશોને ચોરીનો ભય સતાવે છે. અનેકવાર સુવિધા કચેરી તેમજ ઉચ્ચકક્ષાએ રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી છે પરંતુ ટોરેન્ટના બહેરા કાને રહીશોની રજુઆત સંભળાતી નથી. થાંભલા આ વિસ્તારમાં માત્ર શોભાના ગાંઠીયા બની રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા સત્વરે થાંભલાઓની લાઈટો શરૂ કરવામાં આવે તેવી રહીશોની લાગણી અને માંગણી છે.

શહેરના નિર્માણ સમયે શહેરના માર્ગ તેમજ સેકટરના આંતરીક માર્ગ પર નગરજનોને લોક ઉપયોગી બની રહે તે માટે લાઈટના વીજ થાંભલા મુકવામાં આવ્યા છે. શહેરના માર્ગો પર આ થાંભલા પર શોભતી ઝળહળતી લાઈટો નગરજનોને પ્રકાશ પુરો પાડે છે ત્યારે શહેરના સે-૨૪ દશામાના મંદિરની પાછળના ભાગમાં જીટીયુનો સ્ટાફ છેલ્લા દસ માસથી વસવાટ કરે છે પરંતુ આ વિસ્તારના કેટેગરી કક્ષાના બ્લોક નં. ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૪ આગળ થાંભલા બંધ હાલતમાં છે. લાઈટો બંધ રહેતા લોકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે જયારે અંધારામાં અસામાજીક તત્વો પોતાનો અડ્ડો જમાવી દે છે. ટોરેન્ટ પાવર તેમજ તંત્ર સમક્ષ સ્થાનિક રહીશોએ રજુઆત કરવા છતાં પણ કોઈ નિવેડો ન આવતા રહીશો રોષે ભરાયા છે.

ટોરેન્ટ પાવરની ગાડી અંદર આવીને વીજપોલ શરુ કરે તે માટેની પુરતી જગ્યા છે. છતાં પણ ટોરેન્ટ દ્વારા આવું વલણ કેમ દાખવવામાં આવે છે તેવું રહીશો કહી રહ્યા છે. અંધારાને કારણે આ વિસ્તારમાં મહિલાઓ તેમજ બાળકો ઘરમાંથી બહાર નીકળતા પણ ડરી રહ્યા છે ત્યારે ટોરેન્ટ પાવર દ્વારા આ થાંભલાઓ પર લાઈટ સત્વરે શરુ થાય તેની રાહ જોઈ રહીશો બેઠા છે.

# સેક્ટર-૪ના રહેવાસી જયેશ જોષી દ્વારા દિવાળીમાં 'આપવાનો આનંદ' મેળવાયો
## મિત્રો સાથે મળી ગરીબ બાળકોને મીઠાઈ વહેંચી



ગાંધીનગર, તા. ૧૫

દિવાળી એ જેમ આપણો સૌથી મોટો તહેવાર છે એમ સૌથી વધુ આનંદ મેળવવા માટેનો તહેવાર પણ છે અને આનંદ આ તહેવાર દરમ્યાન અનેક રીતે મેળવી શકાય છે. મીઠાઈ, ફટાકડા, રજા, હરવા-ફરવાથી અને સગા-સ્નેહીઓ-મિત્રો સાથે મુલાકાત કરીને તો આનંદ મેળવી જ શકાય છે, પરંતુ આ બધામાં સૌથી અદકેરો આનંદ છે 'આપવાનો આનંદ'.

અનેક સમાજસેવી વ્યક્તિઓ દિવાળીના પર્વો દરમ્યાન આવો આનંદ પ્રાપ્ત કરે છે. સમાજના જરૂરિયાતમંદ વર્ગને એમની જરૂરિયાત મુજબની ચીજવસ્તુઓ કે પછી મીઠાઈ, ફટાકડા, વસ્ત્રો જેવી વસ્તુઓ નિઃસ્વાર્થભાવે અર્પણ કરીને આવા સમાજસેવીઓ 'આપવાનો આનંદ' માણે છે અને બદલામાં સમાજના જરૂરિયાતમંદ વર્ગને એમની જરૂરિયાત મુજબ સહાય પણ મળી રહે છે. આમ આવી પ્રવૃત્તિથી ફાયદો બંને પક્ષે થાય છે.

ગાંધીનગર શહેરમાં આવી અનેક સંસ્થાઓ, વ્યક્તિઓ છે, જે પૈકી એક નામ જયેશ જોષીનું પણ છે. જયેશભાઈ સૅકટર-૪ના રહેવાસી છે અને તેઓ દર વર્ષે દિવાળી દરમ્યાન પાંચ હજાર રૂપિયાની મીઠાઈ ખરીદી આનંદપૂર્વક ગરીબોને વહેંચી આનંદ માણે છે.

આ પરંપરા એમણે આ વખતે પણ જાળવી હતી અને દિવાળી નિમિત્તે મીઠાઈ ખરીદીને ગરીબોમાં વહેંચી હતી.

જયેશભાઈને સમાજસેવાના આ અનોખા કાર્યમાં એમના મિત્રો પણ સહાયભૂત થયા હતા. સૌએ આસપાસના ગરીબોને મીઠું મોઢું કરાવી પોતાના ને ગરીબોના ચહેરા પર સ્મિતનું સર્જન કર્યું હતું.

# પુરુષોત્તમ રૂપાલા આજે સાબરકાંઠા-અરવલ્લીમાં કાર્યકર્તાઓના સ્નેહ સંમેલનને સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૧૫

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૧૫ના પ્રચાર-પ્રસાર સંદર્ભે આવતીકાલે તા. ૧૬મી નવેમ્બરના રોજ ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરસોત્તમભાઈ રૂપાલા સાબરકાંઠા અને અરવલ્લીમાં ચૂંટણી પ્રચારમાં જોડાશે. રૂપાલા સવારે ૧૧ કલાકે મોડાસા ટાઉનહોલમાં કાર્યકર્તા સંમેલનને સંબોધશે, બપોરે ૨.૩૦ કલાકે હરસોલ માર્કેટ યાર્ડ ખાતે જિલ્લાના અગ્રણીઓ, આગેવાનો સાથે બેઠક યોજી બપોરે ૩.૩૦ કલાકે આ જ સ્થળે કાર્યકર્તાઓના સ્નેહ સંમેલનમાં જોડાશે તેમ મીડિયા સેલના કન્વીનર ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું છે.

# આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ભાવનગરમાં જાહેરસભાને સંબોધશે

ગાંધીનગર, તા. ૧૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલે ભાવનગરમાં ચૂંટણી માટે બે જાહેર સભાને સંબોધી જિલ્લાના અગ્રણી કાર્યકર્તાઓ સાથે બેઠક યોજશે.

રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલે ૧૬મી નવેમ્બરે સવારે ૧૧ કલાકે તળાજા-મહુવા હાઈવે પર મુરલીધર જીમની સામે તળાજા ખાતે જ્યારે રાત્રે ૮ કલાકે કેસર ચોક, ગાંધી સ્મૃતિ નજીક ભાવનગર ખાતે જાહેરસભાને સંબોધશે. જ્યારે બપોરે તળાજાની આર.એમ.ડી. હાઈસ્કૂલ ભાવનગર અને સાંજે સર તખતસિંહજી હોસ્પિટલગેટ સામે ભાજપ શહેર કાર્યાલય ભાવનગર ખાતે જિલ્લાના અગ્રણી ભાજપના નેતાઓ અને હોદ્દેદારો સાથે બેઠક યોજશે તેમ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું.

# ઉદ્યાનોમાં માનવ મહેરામણ

ગાંધીનગર, તા. ૧૫

દિવાળીના દિવસોમાં શહેરના ઉદ્યાનો તેમજ વિશ્વ વિખ્યાત અક્ષરધામ મંદિરે વિશેષ ભીડ જોવા મળી છે. દિપાવલી પર્વમાં પોતાના પરિવાર સાથે આનંદ-ઉલ્લાસથી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે શહેરમાં સ્વર્ણિમ પાર્ક, સેક્ટર-૨૮ ગાર્ડન સહિત અક્ષરધામ મંદિરની મોટી સંખ્યામાં લોકોએ મુલાકાત લીધી હતી. શહેરના અનેક જોવા લાયક સ્થળોમાં વધારો થયો હોવાથી લોકોમાં હોટ ફેવરીટ બન્યું છે. દિવાળીની ઉજવણી કરવા કેટલાક લોકો બહારના રાજ્યમાં જાય છે. તો મોંઘવારીમાં દૂર ન જઈ શકતા પોતાના પરિવાર સાથે નજીકના ધાર્મિક સ્થળો તેમજ ઉદ્યાનોમાં જઈ દિવાળીની રજાઓની મોજ માણે છે. ત્યારે ગાંધીનગર શહેર અન્ય જિલ્લાના નાગરીકોમાં હોટ ફેવરીટ છે. નગરમાં સ્વર્ણિમ પાર્ક, સેક્ટર-૨૮ ગાર્ડન સહિત પ્રખ્યાત અક્ષરધામ મંદિરમાં લોકોનો ભારે ઘસારો જોવા મળે છે. શહેરના ઉદ્યાનોમાં મેળા જેવો માહોલ સર્જાય છે. બાળકોના કિલ્લોલથી બગીચાનું વાતાવરણ ગુંજી ઉઠે છે. નગરમાં મુલાકાતીઓના ધસારાને કારણે ચહલ-પહલ વધી જાય છે. દિવાળીની રજાઓમાં શહેરના ઉદ્યાનો તેમજ ધાર્મિક સ્થળોની અનેક લોકોએ મુલાકાત લીધી હતી.

# મહુડીમાં 'હૈયે હૈયું દળાય' એવી ભીડ



ઘંટાકર્ણ મહાવીરના પવિત્ર સ્થાનક મહુડી (મધુપુરી)માં રવિવારે ભક્તોની ભારે ભીડ રહી હતી. દિવાળી પર્વની છેલ્લી રજા અને રવિવારનો બેવડો સંજોગ હોવાથી ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંદિર પરિસરનું પાર્કિંગ ભરાઈ જતાં વાહનોની કતાર લાંબા અંતર સુધી જોવા મળી હતી. 'હૈયે હૈયું દળાય' એવી પરિસ્થિતિમાં પણ ભાવિકોએ ઘંટાકર્ણ મહાવીરનાં દર્શનનો લાભ લીધો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## જન્મદિને વધામણી



**અરવિંદભાઈ આર ઠક્કર**
ઉપપ્રમુખ
શ્રી જલારામ સેવા સમાજ



**સંજયસિંહ પ્રહલાદસિંહ વાઘેલા**
મો. ૯૫૮૬૮ ૬૬૫૫૬

યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

| | |
|---|---|
| ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર | યોગીકૃપા ખાદી ભંડાર - મોડાસા |
| ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર | યોગીકૃપા ખાદી ભંડાર - ભીલોડા |
| ગરમ ખાદી - ૨૦% વળતર | અંબિકા ખાદી ભવન - અંબાજી |
| રેશમ ખાદી - ૨૦% વળતર | યોગીકૃપા ખાદી ભંડાર - મેઘરજ |

અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ ખાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.

અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.

સમય : ૧૦ થી ૭ સાંજના

સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર

ધર્મેન્દ્ર યોગી, મંત્રી | ઉષાબેન કે. ત્રિવેદી, પ્રમુખ | જસવંત સી. યોગી, વ્યવસ્થાપક

ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT – Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

નૂતન વર્ષાભિનંદન
**ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો.-ઓપ બેન્ક લી. પાલનપુર**
માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને
નૂતન વર્ષાભિનંદન
આજે પરમપિતાને એક જ પ્રાર્થના
જેમ સૂર્ય ઉદય સમયે તથા સૂર્ય આથમતા સમયે પણ તાંબા જેવા કલરથી જ તગ તગે છે તે જ રીતે આ દુન્વયી જગતમાં આપને પણ સુખ કે દુઃખમાં સમાનભાવ, અડગતા પ્રાપ્ત થાઓ...
- કોઈપણ પ્રકારના છુપા ચાર્જ ઉઘાર્યા સિવાય ૧૦.૦૦% જેવા નીચા વ્યાજ દરથી શરૂ કરીને વિવિધ પ્રકારની લોન સેવા ત્વરીત ઉપલબ્ધ.
- ATM, SMS Alert સેવા ઉપલબ્ધ, આપનું ATM કાર્ડ મેળવી લેવા વિનંતી.
- ખાતેદારોને ગેસ સબસીટીની સુવિધા ઉપલબ્ધ છે.

'મર્કેન્ટાઈલ બેંક એટલે આપણી, આપણા માટેની, આપણા દ્વારા ચાલતી બેંક'

દિનેશચંદ્ર બી. પટેલ, મેનેજીંગ ડીરેક્ટર | વિનોદચંદ્ર બી. પટેલ, ચેરમેન
કરશનભાઈ એલ. પટેલ, જો. મેનેજીંગ ડીરેક્ટર | કાનમલભાઈ આર. અગ્રવાલ, વાઈસ ચેરમેન
ભુપેન્દ્ર જી. ત્રિવેદી, સી.ઈ.ઓ